Sunday
19.03.2023
*Volume :7 * Issue No.229
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# પ્રધાનમંત્રીએ ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ન) કૉન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું

## સ્મારક સ્ટેમ્પ અને સ્મારક સિક્કાનું અનાવરણ કર્યું

# "ભારતે હંમેશા વિશ્વ પ્રત્યે જવાબદારીને પ્રાથમિકતા આપી છે અને માનવતાની સેવા કરવાનો સંકલ્પ કર્યો છે"

**બે દિવસીય આ વૈશ્વિક પરિષદમાં બાજરી (શ્રી અન્ન) સાથે સંબંધિત તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સત્રો યોજાશે, જેમ કે ઉત્પાદકો, ગ્રાહકો અને અન્ય હિતધારકોમાં બાજરીને પ્રોત્સાહન અને જાગૃતિ; બાજરીની મૂલ્ય શ્રુંખલાનો વિકાસ; બાજરીનાં આરોગ્ય અને પોષક તત્વોનાં પાસાઓ; બજાર સાથે જોડાણ; સંશોધન અને વિકાસ વગેરે. આ સંમેલનમાં વિવિધ દેશોના કૃષિ મંત્રીઓ, આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકો, ન્યુટ્રિશનિસ્ટ્સ, હેલ્થ એક્સપર્ટ્સ, સ્ટાર્ટ-અપ લીડર્સ અને અન્ય હિતધારકો ઉપસ્થિત રહેશે.**



**ભારતની દરખાસ્તના આધારે, યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ (આઇવાયએમ) જાહેર કરવામાં આવ્યું હતું. આઈવાયએમ ૨૦૨૩ની ઉજવણીને 'જન આંદોલન' બનાવવા અને ભારતને 'બાજરી માટેનાં વૈશ્વિક કેન્દ્ર' તરીકે સ્થાન આપવાનાં પ્રધાનમંત્રીનાં વિઝનને અનુરૂપ, કેન્દ્ર સરકારનાં તમામ મંત્રાલયો / વિભાગો, રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો, ખેડૂતો, સ્ટાર્ટ-અપ્સ, નિકાસકારો, છૂટક વ્યવસાયો અને અન્ય હિતધારકો ખેડૂત, ઉપભોક્તા અને આબોહવા માટે બાજરી જેવાં જાડાં અનાજ (શ્રી અન્ન)ના લાભો વિશે જાગૃતિ ફેલાવવા અને પ્રોત્સાહન આપવા માટે રોકાયેલા છે. ભારતમાં ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ન) કોન્ફરન્સનું આયોજન આ સંદર્ભમાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે.**





**કમ્પેન્ડિઅમ ઓફ ઇન્ડિયન મિલેટ (શ્રી અન્ન) સ્ટાર્ટ-અપ્સ અને બુક ઓફ મિલેટ (શ્રી અન્ન) ધારાધોરણોનો ડિજિટલી શુભારંભ કરાવ્યો**

- **"શ્રી અન્ન ભારતમાં સંપૂર્ણ વિકાસનું માધ્યમ બની રહ્યું છે. તે ગાંવ તેમજ ગરીબ (ગામ અને ગરીબ) સાથે જોડાયેલું છે**
- **"વ્યક્તિ દીઠ દર મહિને બાજરીનો ઘરે વપરાશ ૩ કિલોગ્રામથી વધીને ૧૪ કિલોગ્રામ થઈ ગયો છે"**
- **"ભારતનું મિલેટ મિશન દેશના ૨.૫ કરોડ બાજરી ઉત્પાદક ખેડૂતો માટે વરદાનરૂપ સાબિત થશે"**
- **"આપણી પાસે ખાદ્ય સુરક્ષાની સાથે સાથે ખાદ્ય આદતોની સમસ્યા પણ છે, શ્રી અન્ન ઉકેલ પૂરો પાડી શકે છે"**
- **"ભારત તેના વારસામાંથી પ્રેરણા લે છે, સમાજમાં પરિવર્તન લાવે છે અને વૈશ્વિક સુખાકારીને આગળ લાવે છે"**
- **"જાડું અનાજ તેમની સાથે અનંત સંભાવનાઓ લાવે છે"**

### ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મિલેટ્સ રિસર્ચ ઓફ આઇસીએઆરને ગ્લોબલ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે જાહેર કર્યું

### "વૈશ્વિક બાજરી પરિષદ ભારતની વૈશ્વિક ભલાં પ્રત્યેની જવાબદારીઓનું પ્રતીક છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે એનએએસસી કૉમ્પ્લેક્સ, આઈએઆરઆઈ કૅમ્પસ, પુસા નવી દિલ્હીમાં સુબ્રમણ્યમ હૉલ ખાતે ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ન) કૉન્ફરન્સનું ઉદઘાટન કર્યું હતું. બે દિવસીય આ વૈશ્વિક પરિષદમાં બરછટ અનાજ (શ્રી અન્ન) સાથે સંબંધિત તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સત્રો યોજાશે, જેમ કે જાડું ધાન્યનાં ઉત્પાદકો, ગ્રાહકો અને અન્ય હિતધારકોમાં બાજરીને પ્રોત્સાહન અને જાગૃતિ; બાજરીની મૂલ્ય શ્રુંખલાનો વિકાસ; બાજરીનાં આરોગ્ય અને પોષક તત્વોનાં પાસાઓ; બજાર સાથે જોડાણ; સંશોધન અને વિકાસ વગેરે. પ્રધાનમંત્રીએ એક્ઝિબિશન કમ બાયર સેલર મીટ પૅવેલિયનનું ઉદ્?ઘાટન પણ કર્યું હતું અને તેની મુલાકાત લીધી હતી. તેમણે સ્મારક સ્ટેમ્પ અને સ્મારક સિક્કાનું પણ અનાવરણ કર્યું હતું. આ પછી પ્રધાનમંત્રીએ ડિજિટલી રીતે ઈન્ડિયન મિલેટ (શ્રી અન્ન) સ્ટાર્ટઅપ્સનો સંગ્રહ અને બાજરી (શ્રી અન્ન) ધારાધોરણોનાં પુસ્તકોનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય નેતાઓએ તેમના સંદેશા આપ્યા હતા. ઈથોપિયાનાં રાષ્ટ્રપતિ મહામહિમ સુશ્રી સાહલે-વર્ક ઝેવડેએ આ કાર્યક્રમનાં આયોજન માટે ભારત સરકારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે બાજરી આ સમયમાં લોકોને ખવડાવવા માટે સસ્તો અને પૌષ્ટિક વિકલ્પ પૂરો પાડે છે. ઈથિયોપિયા સબ-સહારા આફ્રિકામાં બાજરી-જાડાં ધાન્યનું ઉત્પાદન કરતો મહત્વનો દેશ છે. તેમણે બાજરીના પ્રચાર-પ્રસાર માટે જરૂરી નીતિગત ધ્યાન પર પ્રકાશ પાડવા અને તેની ઈકોસિસ્ટમ મુજબ પાકની યોગ્યતાનો અભ્યાસ કરવા માટે આ કાર્યક્રમની ઉપયોગિતા પર ભાર મૂક્યો હતો. ગુયાનાના રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. મોહમ્મદ ઈરફાન અલીએ જણાવ્યું હતું કે ભારતે બાજરીના હેતુને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક નેતૃત્વ ધારણ કર્યું છે અને આમ કરીને તે બાકીના વિશ્વના ઉપયોગ માટે તેની કુશળતાને મૂકી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષની સફળતા લાંબા ગાળે એસડીજી લક્ષ્યો હાંસલ કરશે. ગુયાનાએ બાજરીને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય પરિબળ તરીકે માન્યતા આપી છે, એમ તેમણે માહિતી આપી હતી. ગુયાના ખાસ બાજરીનાં ઉત્પાદન માટે ૨૦૦ એકર જમીન ફાળવીને બાજરીનાં વ્યાપક ઉત્પાદન માટે ભારત સાથે જોડાણની શરૂઆત કરી રહ્યું છે, જ્યાં ભારત ટેકનિકલ માર્ગદર્શન અને ટેકનોલોજી સાથે મદદ પૂરી પાડશે. અત્રે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ ગ્લોબલ મિલેટ કૉન્ફરન્સનાં આયોજન બદલ દરેકને અભિનંદન આપ્યાં હતાં અને કહ્યું હતું કે, આ પ્રકારનાં આયોજનો વૈશ્વિક કલ્યાણ માટે જરૂરિયાત હોવાની સાથે-સાથે વૈશ્વિક હિત માટે ભારતની જવાબદારીઓનું પ્રતીક પણ છે. સંકલ્પને ઈચ્છનીય પરિણામમાં પરિવર્તિત કરવાનાં મહત્ત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનાં સતત પ્રયાસો પછી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે, જયારે વિશ્વ બાજરીનાં આંતરરાષ્ટ્રીય વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારતનું આ અભિયાન આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, બાજરીની ખેતી, બાજરીનું અર્થતંત્ર, સ્વાસ્થ્યને લગતા લાભો અને ખેડૂતોની આવક જેવા વિષયો પર વિચારમંથન સત્રો યોજાશે, જેમાં ગ્રામ પંચાયત, કૃષિ કેન્દ્રો, શાળાઓ, કૉલેજો અને કૃષિ યુનિવર્સિટીઓ તેમજ ભારતીય દૂતાવાસો અને ઘણા વિદેશી દેશોની સક્રિય ભાગીદારી સામેલ હશે. તેમણે એવી માહિતી પણ આપી હતી કે, અત્યારે ૭૫ લાખથી વધારે ખેડૂતો આ કાર્યક્રમ સાથે વર્ચ્યુઅલ રીતે જોડાયેલા છે. પ્રધાનમંત્રીએ આ પ્રસંગની ઉજવણી કરવા માટે એક સ્મારક સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પનાં અનાવરણની સાથે બાજરીનાં ધારાધોરણો પર પુસ્તકનાં વિમોચન અને આઈસીએઆરનાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મિલેટ્સ રિસર્ચની ગ્લોબલ સેન્ટર ઑફ એક્સલન્સ તરીકેની જાહેરાત પર પણ પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ પ્રતિનિધિઓને સ્થળ પર પ્રદર્શનની મુલાકાત લેવા અને એક જ છત નીચે બાજરીની ખેતી સાથે સંબંધિત તમામ પરિમાણો સમજવા જણાવ્યું હતું. તેમણે બાજરી સાથે સંબંધિત સાહસો અને ખેતી માટે સ્ટાર્ટઅપ્સ લાવવાની યુવાનોની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, "આ બાજરી પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો સંકેત છે." પ્રધાનમંત્રીએ વિદેશી પ્રતિનિધિઓને બાજરી માટે ભારતની બ્રાન્ડિંગ પહેલ વિશે જાણકારી આપી હતી, કેમ કે ભારત હવે બાજરીને - શ્રી અન્ન કહે છે. તેમણે વિસ્તૃત વર્ણન કર્યું હતું કે, શ્રી અન્ન માત્ર ખાદ્ય કે ખેતી પૂરતું મર્યાદિત નથી. જેઓ ભારતીય પરંપરાથી પરિચિત છે તેઓ કંઈપણ પહેલાં શ્રીથી સંબોધન કરવાનું મહત્વ સમજશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "શ્રી અન્ન ભારતમાં સંપૂર્ણ વિકાસનું માધ્યમ બની રહ્યું છે. તે ગાંવ તેમજ ગરીબ (ગામ અને ગરીબ) સાથે જોડાયેલું છે. શ્રી અન્ન - દેશના નાના ખેડૂતો માટે સમૃદ્ધિનું દ્વાર, શ્રી અન્ન - કરોડો દેશવાસીઓ માટે પોષણનો પાયો, શ્રી અન્ન - આદિવાસી સમુદાયનું સન્માન, શ્રી અન્ન - ઓછાં પાણી સાથે વધુ પાક મેળવવો, શ્રી અન્ન - રસાયણ મુક્ત ખેતી માટેનો મોટો પાયો. શ્રી અન્ન - આબોહવા પરિવર્તન સામે લડવામાં એક મોટી મદદ કરે છે," એમ તેમણે ઉમેર્યું. શ્રી અન્નને વૈશ્વિક ચળવળમાં પરિવર્તિત કરવા માટે સરકારના સતત પ્રયાસો પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, વર્ષ ૨૦૧૮માં બાજરી-બરછટ અનાજને પોષક-અનાજ જાહેર કરવામાં આવ્યું હતું, જ્યાં ખેડૂતોને બજારમાં રસ પેદા કરવા માટે તેનાં ફાયદાઓ વિશે જાગૃત કરવા તમામ સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, બાજરીનું વાવેતર મુખ્યત્વે દેશનાં ૧૨-૧૩ વિવિધ રાજ્યોમાં થાય છે, જ્યાં વ્યક્તિદીઠ દર મહિને ઘર વપરાશ ૩ કિલોગ્રામથી વધારે નહોતો, જયારે અત્યારે તેનો વપરાશ વધીને દર મહિને ૧૪ કિલોગ્રામ થઈ ગયો છે. તેમણે એવી પણ માહિતી આપી હતી કે બાજરી ખાદ્ય ઉત્પાદનોના વેચાણમાં પણ આશરે ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તેમણે બાજરી પરની વાનગીઓને સમર્પિત સોશિયલ મીડિયા ચેનલો ઉપરાંત બાજરી કાફેઝની શરૂઆતની પણ નોંધ લીધી હતી. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, "'એક જિલ્લો, એક ઉત્પાદન' યોજના હેઠળ દેશના ૧૯ જિલ્લાઓમાં બાજરીની પસંદગી પણ કરવામાં આવી છે." ભારતમાં બાજરીનાં ઉત્પાદનમાં આશરે ૨.૫ કરોડ નાના ખેડૂતો પ્રત્યક્ષ રીતે સંકળાયેલા છે એ વિશે માહિતી આપતાં પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, તેમની પાસે બહુ ઓછી જમીન હોવા છતાં તેમણે આબોહવામાં પરિવર્તનના પડકારોનો સામનો કરવો પડ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતનું મિલેટ મિશન – શ્રી અન્ન માટેનું અભિયાન દેશના ૨.૫ કરોડ ખેડૂતો માટે વરદાનરૂપ સાબિત થશે." તેમણે ધ્યાન દોર્યું હતું કે, આઝાદી પછી પહેલી વાર એવું બન્યું છે કે સરકારે બાજરી ઉગાડનારા ૨.૫ કરોડ નાના ખેડૂતોની સંભાળ લીધી છે. પ્રોસેસ્ડ અને પૅકેજ્ડ ખાદ્ય ચીજવસ્તુઓ મારફતે હવે બાજરી દુકાનો અને બજારો સુધી પહોંચી ગઈ છે એ બાબતની નોંધ લઈને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યુંહતું કે, જ્યારે શ્રી અન્નનાં બજારને વેગ મળશે, ત્યારે આ ૨.૫ કરોડ નાના ખેડૂતોની આવકમાં વધારો થશે, જેથી ગ્રામીણ અર્થતંત્રને બળ મળશે. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, શ્રી અન્ન પર કામ કરતાં ૫૦૦થી વધારે સ્ટાર્ટઅપ્સ શરૂ થયાં છે અને છેલ્લાં થોડાં વર્ષોમાં મોટી સંખ્યામાં એફપીઓ પણ આગળ આવી રહ્યાં છે. તેમણે એમ પણ ધ્યાન દોર્યું હતું કે દેશમાં એક સંપૂર્ણ સપ્લાય ચેઈન વિકસિત કરવામાં આવી રહી છે જ્યાં નાનાં ગામોમાં સ્વ-સહાય જૂથોની મહિલાઓ બાજરી ઉત્પાદનો બનાવી રહી છે જે મૉલ્સ અને સુપરમાર્કેટ્સમાં પ્રવેશ કરી રહ્યાં છે. જી-૨૦નાં પ્રમુખપદ માટે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય જેવાં ભારતનાં સૂત્રને રેખાંકિત કરતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે ગણવું એ આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષમાં પણ પ્રતિબિંબિત થાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતે હંમેશા વિશ્વ પ્રત્યે ફરજની ભાવના અને માનવતાની સેવા કરવાની પ્રતિબદ્ધતાને પ્રાથમિકતા આપી છે." યોગનું ઉદાહરણ આપતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારતે એ સુનિશ્ચિત કર્યું છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મારફતે યોગનો લાભ સમગ્ર વિશ્વ સુધી પહોંચે. આજે વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે અને વિશ્વના ૩૦થી વધુ દેશોએ આયુર્વેદને પણ માન્યતા આપી છે તેનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન પર પણ પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, તે એક ટકાઉ ગ્રહનું નિર્માણ કરવામાટે એક અસરકારક મંચ તરીકે કામ કરી રહ્યું છે, જ્યાં ૧૦૦થી વધારે દેશો આ ચળવળમાં જોડાયા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "લાઈફ મિશનનું નેતૃત્વ કરવાની વાત હોય કે પછી નિર્ધારિત સમય કરતાં વહેલા આબોહવામાં પરિવર્તનનાં લક્ષ્યાંકો હાંસલ કરવાની વાત હોય, ભારત પોતાનાં વારસામાંથી પ્રેરણા લે છે, સમાજમાં પરિવર્તન લાવે છે અને વૈશ્વિક સુખાકારીને આગળ લાવે છે." તેમણે નોંધ્યું હતું કે, આજે ભારતની 'મિલેટ મુવમેન્ટ'માં પણ આ જ પ્રકારની અસર જોવા મળી શકે છે. જુવાર, બાજરી, રાગી, સમા, કંગની, ચીના, કોડોન, કુટકી અને કુટ્ટુ જેવાં શ્રી અન્નનાં ઉદાહરણ ટાંકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સદીઓથી જાડું અનાજ ભારતમાં જીવનશૈલીનો હિસ્સો રહ્યું છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત તેની કૃષિ પદ્ધતિઓ અને શ્રી અન્ન સાથે સંબંધિત પોતાના અનુભવોને દુનિયા સાથે વહેંચવા ઈચ્છે છે, ત્યારે અન્ય દેશોમાંથી પણ શીખવા ઈચ્છે છે. તેમણે અહીં ઉપસ્થિત મિત્ર રાષ્ટ્રોના કૃષિ મંત્રીઓને આ દિશામાં એક સ્થિર વ્યવસ્થા વિકસાવવા ખાસ વિનંતી કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, એક નવી સપ્લાય ચેઈન વિકસાવવી જોઈએ, જેમાં ખેતથી બજાર અને એક દેશથી બીજા દેશમાં સહિયારી જવાબદારીઓ હોવી જોઈએ. પ્રધાનમંત્રીએ બાજરીની આબોહવામાં સ્થિતિસ્થાપકતા પર પણ પ્રકાશ પાડ્યો હતો અને જાણકારી આપી હતી કે પ્રતિકૂળ આબોહવાની સ્થિતિમાં પણ તેનું ઉત્પાદન સરળતાથી થઈ શકે છે. તેમણે માહિતી આપી હતી કે, પાણીની ખેંચ ધરાવતા વિસ્તારો માટે આ પસંદગીનો પાક છે, કારણ કે તેને ઉત્પાદન માટે પ્રમાણમાં ઓછાં પાણીની જરૂર પડે છે. તેમણે એમ પણ નોંધ્યું હતું કે બાજરી-જાડું અનાજ રસાયણો વિના કુદરતી રીતે ઉગાડવામાં આવે છે અને તેનાથી મનુષ્ય અને જમીન બંનેનાં સ્વાસ્થ્યની સુરક્ષા થાય છે. આજની દુનિયામાં ખાદ્ય સુરક્ષાના પડકારોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ગ્લોબલ સાઉથમાં ગરીબો માટે ખાદ્ય સુરક્ષાના પડકાર અને ગ્લોબલ નોર્થમાં ખાદ્ય આદતો સાથે સંબંધિત રોગો પર પ્રકાશ પાડ્યો હતો. "એક તરફ આપણી પાસે ખાદ્ય સુરક્ષાની સમસ્યા છે, અને બીજી તરફ ખોરાકની ટેવોની સમસ્યા છે" તેમણે ઉત્પાદનમાં રસાયણોના ભારે ઉપયોગ અંગેની ચિંતાઓ તરફ ધ્યાન દોરતા કહ્યું હતું. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, શ્રી અન્ન આ પ્રકારની દરેક સમસ્યાનું સમાધાન પૂરું પાડે છે, કારણ કે તેને ઉગાડવામાં સરળતા છે, તેનો ખર્ચ પણ ઓછો છે અને તે અન્ય પાકોની સરખામણીએ ઝડપથી લણણી માટે તૈયાર થઈ જાય છે. પ્રધાનમંત્રીએ શ્રી અન્નના ફાયદાઓ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, આ પોષણથી ભરપૂર છે, સ્વાદમાં વિશેષ છે, ફાઈબરનું પ્રમાણ વધારે છે, શરીર અને સ્વાસ્થ્ય માટે ઘણું ફાયદાકારક છે તથા જીવનશૈલીને લગતા રોગોને રોકવામાં મદદ કરે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "બાજરી તેની સાથે અનંત સંભાવનાઓ લાવે છે." ભારતમાં રાષ્ટ્રીય ખાદ્ય બાસ્કેટમાં શ્રી અન્નનું યોગદાન માત્ર ૫-૬ ટકા છે એ વિશે જાણકારી આપતાં પ્રધાનમંત્રીએ વૈજ્ઞાનિકો અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતોને આ પ્રદાનને વધારવા કામ કરવા અપીલ કરી હતી તથા દર વર્ષ માટે હાંસલ કરી શકાય તેવા લક્ષ્યાંકો નિર્ધારિત કરવાનું સૂચન કર્યું હતું. તેમણે એમ પણ નોંધ્યું હતું કે, દેશમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને વેગ આપવા માટે પીએલઆઈ યોજના પણ શરૂ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ એ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે, બાજરી ક્ષેત્રને તેનો મહત્તમ લાભ મળે અને વધારે કંપનીઓ બાજરીનાં ઉત્પાદનોનું નિર્માણ કરવા આગળ આવે. તેમણે એમ પણ ઉમેર્યું કે ઘણાં રાજયોએ શ્રી અન્નને તેમની પીડીએસ સિસ્ટમમાં શામેલ કર્યાં છે અને સૂચન કર્યું કે અન્ય રાજ્યો પણ આ જ રીતે અનુસરે. બાળકોને યોગ્ય પોષણ મળી તેમજ ખોરાકમાં નવો સ્વાદ અને વિવિધતા પણ ઉમેરાય તે માટે મધ્યાહ્ન ભોજનમાં શ્રી અન્નનો સમાવેશ કરવાનું સૂચન પણ તેમણે કર્યું હતું. સંબોધનનું સમાપન કરતાં પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ તમામ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને અમલીકરણ માટે એક રોડમેપ પણ તૈયાર કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ અંતમાં જણાવ્યું હતું કે, "ખેડૂતો અને તમામ હિતધારકોના સંયુક્ત પ્રયાસોથી ભારત અને દુનિયાની સમૃદ્ધિમાં ખાદ્યપદાર્થ નવી ચમક લાવશે." આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમર, કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. સુબ્રહ્મણ્યમ જયશંકર, કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રીઓ શ્રી કૈલાશ ચૌધરી અને સુશ્રી શોભા કરંદલાજે ઉપસ્થિત રહ્યા હતાં.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ ભારત-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઈપલાઈન (IBFP)નું વર્ચ્યુઅલ મોડમાં સંયુક્ત રીતે ઉદ્‌ઘાટન કર્યું. આ પાઈપલાઈનના નિર્માણ માટેનો શિલાન્યાસ સપ્ટેમ્બર ૨૦૧૮માં બંને વડાપ્રધાનો દ્વારા કરવામાં આવ્યો હતો. નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ ૨૦૧૫થી બાંગ્લાદેશને પેટ્રોલિયમ ઉત્પાદનો સપ્લાય કરે છે. ભારત અને તેના પડોશીઓ વચ્ચે આ બીજી ક્રોસ બોર્ડર એનર્જી પાઈપલાઈન છે. પાવર અને ઊર્જા ક્ષેત્રે સહકાર એ ભારત-બાંગ્લાદેશ સંબંધોની ઓળખ બની ગઈ છે. IBFP એ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ક્રોસ બોર્ડર એનર્જી પાઈપલાઈન છે જે બાંગ્લાદેશમાં હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ના વાર્ષિક ૧ મિલિયન મેટ્રિક ટન (MMTPA) પરિવહન કરવાની ક્ષમતા ધરાવે છે. બાંગ્લાદેશ સાથે વિસ્તૃત કનેક્ટિવિટી બંને પક્ષો વચ્ચે લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે. બાંગ્લાદેશ ભારતનું ટોચનું સૌથી વિકાસ ભાગીદાર છે અને આ ક્ષેત્રમાં તેનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે. ફ્રેન્ડશીપ પાઈપલાઈનનું સંચાલન બંને દેશો વચ્ચે ચાલુ ઊર્જા સહયોગને વધારશે અને બાંગ્લાદેશમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં વધુ વૃદ્ધિ કરશે. પ્રધાનમંત્રીએ આ પ્રોજેક્ટ પર સતત માર્ગદર્શન આપવા બદલ પ્રધાનમંત્રી શેખ હસીનાનો આભાર માન્યો હતો અને બંને દેશોના લોકોના હિત માટે તેમની સાથે કામ કરવાનું ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# ધરમપુરના જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં વલસાડ ડાયટ દ્વારા સ્પોર્ટ ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ટોય ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશન વર્કશોપ યોજાયો

### વિજ્ઞાન વિષયને રમતા રમતા કેવી રીતે શીખી શકાય તે માટે શિક્ષકોને વિજ્ઞાનના સિધ્ધાંતની સમજ અપાઈ



કમલમ્ ન્યુઝ,વલસાડ

ધરમપુર સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે તારીખ ૧૪ અને ૧૫ માર્ચ દરમ્યાન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજીત સ્પોર્ટ ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ટોય ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશન વર્કશોપ યોજાયો હતો. જેમાં વલસાડ જિલ્લાના ૫૦ જેટલા શિક્ષકો હાજર રહ્યા અને તેમાં વિજ્ઞાન વિષયને રમતા રમતા કેવી રીતે શીખી શકાય તેમજ દરેક રમતોમાં રહેલો વિજ્ઞાનના સિદ્ધાંતની સમજ એજ્યુકેશન ઓફિસર પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા ખુબ સરસ રીતે આપવામાં આવી હતી.

જિલ્લા વિજ્ઞાન અધિકારી અશોક જેઠેના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગના કૃણાલ ચૌધરી, વંદના રાજગોર, શ્વની ગરાસિયા, સન્નિધિ પટેલ, સુજીત પટેલ તેમજ મેંટર રાહુલ શાહ અને ગાયત્રિ બિષ્ટ દ્વારા શિક્ષકોને રમતમાં રહેલા વિજ્ઞાન સાથેની પ્રવુત્તિઓ કરાવવામાં આવી હતી. ક્રિકેટમાં રહેલા ન્યુટનના ગતિના નિયમો, દેડકાના નમૂનાઓ બનાવી ગતિ ઉર્જા તેમજ સ્થિતિ ઉર્જા, હવા દબાણ કરે છે જેવી એક્ટિવિટી કરાવવામાં આવી હતી. પેપર કપ દ્વારા ફોન બનાવી ધ્વનિના પ્રસારણની સમજ તેમજ ફેર ફુદરડી દ્વારા ગ્રહોની ગતિની સમજ, એર જેક દ્વારા હવાના દબાણની સમજ, સ્ટાર વ્હીલ દ્વારા તારાઓની ઓળખની સમજ આપવામાં આવી હતી. ૧૪ મી માર્ચ દર વર્ષે પાઈ દિવસ તરીકે ઉજવાય છે.

તે નિમિત્તો વર્તુળ અને વ્યાસનો ગુણોત્તાર પાઈનું મુલ્ય શોધવા વિવિધ પ્રવૃતિઓમાં શિક્ષકોએ ભાગ લીધો હતો તેમજ સ્ટ્રોની મદદથી ઘણી બધી એક્ટિવિટી કરાવવામાં આવી હતી. ન્યુટનના ગતિના નિયમ, વિમાનની બનાવટ અને તેનું વિજ્ઞાન, ઉખડીના સાંધા અને મિજાગરાના સાંધાની સમજ બોલ દ્વારા સરસ રીતે આપવામાં આવી હતી. લંબચોરસનું ક્ષેત્રફળ અને વર્તુળનું ક્ષેત્રફળ સમાન હોય છે. બરનોલીનો સિદ્ધાંત, ઉદ્ઘ ચુંબકની બળ રેખાઓની સમજ આપવામાં આવી હતી. જુદા જુદા ભૌમિતિક આકારો બનાવવામાં આવ્યા તેમજ વિજ્ઞાનના પ્રયોગો કરવામાં આવ્યા હતા. તારામંડળ અને ઉદ્ઘ શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડમાંથી ડૉ પંકજભાઈ દેસાઈ, વલ્લભભાઈ રાઉત અને ડૉ. દર્શના પટેલ વર્ગ સંચાલક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦૮ ઈમરજન્સી સેવાના વડા શ્રી સતીશ પટેલે ડાંગ જિલ્લા આરોગ્યકર્મીઓની મુલાકાત લીધી



અમરનાથ જગતાપ

હેડ ઓફ ઓપરેશન ઈમરજન્સી સર્વિસ, ગુજરાત રાજ્યના વડા શ્રી સતીશ પટેલે ડાંગ જિલ્લા આરોગ્યકર્મીઓની મુલાકાત કરી સુચારુ માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની મુલાકાતે આવેલ શ્રી સતીશ પટેલે ત્રીજા દિવસે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય કર્મીઓની મુલાકાત લીધી હતી. આ પ્રંસગે તેમણે જણાવ્યુ હતુ કે, 24×7 ઈમરજન્સી સેવાઓ માટે કાર્યરત આરોગ્ય કર્મીઓનો જુસ્સો વધારવા માટે તેઓ દરેક વિસ્તારમા જઈ મુલાકાત કરશે, તેમજ વધુ સારી રીતના સેવાઓ થઈ શકે તે માટે સૂચનો પણ કરશે. ડાંગ જિલ્લાના દુર્ગમ પહાડી વિસ્તારમા નેટવર્ક જેવી સમસ્યાઓ હોવાના કારણે તેમણે સ્ટેક હોલ્ડર્સને ૨ સિમ કાર્ડ પણ આપ્યા છે, જેથી નેટવર્ક સમસ્યાને ટાળી શકાય. વધુમા તેઓએ ઈમરજન્સી વખતે ૧૦૮ સેવાઓનો ઉપયોગ કરવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. ડાંગ જિલ્લામા કુલ ૧૦૮ ઈમરજન્સી વાનની સેવાઓ, જયારે ૪ ખીલખિલાટ વાહન સેવાઓ જિલ્લામા કાર્યરત છે.

# જિલ્લા સમાહર્તાશ્રીની અધ્યક્ષતામાં સંકલન(વ) ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ/ યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડમાં સંકલન (વ) ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિકારી કર્મચારીઓના પેન્શન, ખાનગી અહેવાલને લગતા પ્રશ્નો, તાબાની કચેરીઓના નિરિક્ષણના પ્રશ્નો, કચેરીઓના આંતરીક સંકલન થકી કામગીરીને વધુ સરળ અને લોક ઉપયોગી બનાવવા બાબત પર ભાર મૂક્યો હતો. આ સાથે આંગણવાડી કેંદ્રો, રોડ-રસ્તા, એપ્રેંટીસ યોજના અને જિલ્લાના નક્કિ કરવામાં આવેલા અમૃત સરોવરોને વિકસીત કરવા અંગે થયેલી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ ૨૦ માર્ચથી શરૂ થનાર પોષણ પખવાડીયા અંગે સંકલનમાં રહી કામ કરવા અમલીકરણ અધિકારીઓને સુચન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અધિક કલેક્ટરશ્રી દિગંત બ્રહ્મભટ્ટ, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર, પ્રાંત અધિકારીશ્રી તેમજ અન્ય અમલીકરણ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# આશાના કિરણ સમાન સરકારશ્રીની "કુંવરબાઈના મામેરૂ યોજના" હેઠળ આર્થિક સહાય મળતાં લગ્ન પ્રસંગ દીપી ઉઠ્યોપ

### રાજ્ય સરકારશ્રી તરફથી મળતી આર્થિક સહાયની મારા જેવી અંતરિયાળ વિસ્તારમાં રહેતી દિકરીઓ જાગૃતતા કેળવીને મહત્તમ લાભ લેઃ શીતલબેન વસાવા



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ઉક્ત પંક્તિને સાચા અર્થમાં સાર્થક કરતી પિતા શ્રી સંજયભાઈ વસાવાની ઈચ્છા હતી કે તેઓ પોતાની દીકરીના લગ્ન ધામધૂમથી કરવાની...ભલે પછી લોકો પાસેથી ઉછીના પૈસા લઈ દેવુ કરવું પડે... ઘણા સામાજિક પ્રસંગોમાં પિતા સામાજિક રીત રસમ મુજબ સાદાઈથી લગ્ન તો કરાવી શકતા હોય છે... પરંતુ દીકરીને કરિયાવરમાં માટે કંઈ આપવા આર્થિક રીતે સક્ષમ હોતા નથી.....અને ત્યારે જ રાજ્ય સરકારશ્રી સંજયભાઈ વસાવા જેવા અનેક પિતાઓ માટે પોતાની કાળજાના કટકા સમાન વ્હાલસોઈ દીકરીના કરિયાવર માટે કુંવરબાઈ મામેરું યોજના લઈને વ્હારે આવે છે......તો જાણીએ સંજયભાઈની વ્હાલસોઈ દિકરી શીતલબેનની આપવિતી... હું શીતલબેન સંજયભાઈ વસાવા ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના શીર ગામની વતની છું. મારા પિતા પોતે મજુરી કરી અમારા પરિવારનું ભરણપોષણ કરી ગુજરાન ચલાવતા હતા. મારા પિતાને પણ સહજ રીતે દીકરીના લગ્નની ચિંતા રહેતી હતી. વધુમાં તેઓ જણાવતા કહે છે કે, અમારી પરિસ્થિતિ એટલી નબળી હતી કે, અમોને બે ટંકનું જમી શકાય તેટલું જ આર્થિક ઉપાર્જન થતું હતું.બચતના નામે તો દુકાળ હતો.મારા પિતા પાસે એટલા પૈસા ન હતા કે તેઓ અમારા સમાજના રીતી રિવાજ મુજબ ધામધૂમથી લગ્ન કરાવી શકે. દરેક પિતાની ઈચ્છા હોઈ છે કે, તેઓ પોતાની દીકરીના સારી રીતે લગ્ન કરી શકે.ભલે પછી લોકો પાસેથી ઉછીના પૈસા લઈ દેવુ કરવું પડે.મારા પિતાજી સામાજિક રીતરસમ મુજબ લગ્ન તો કરાવી શકતા હતા પરંતુ મને કરિયાવરમાં માટે કંઈ આપી શકવા અસમર્થ હતા. પરંતુ...આશાના કિરણ સમાન રાજય સરકારશ્રી તરફથી આદિજાતિ કન્યાઓના લગ્ન પ્રસંગ બાદ દીકરીઓને "કુંવરબાઈના મામેરૂ" યોજના હેઠળ આર્થિક સહાય મળી શકે તેવુ આદિજાતિ કલ્યાણ નીરિક્ષક તરફથી જાણકારી મળતાં તેઓ તરફથી નિયત વિધી પૂર્ણ કરી અમોને આદિજાતિ વિકાસની કચેરી ભરૂચ તરફથી આર્થિક સહાય તરીકે રૂ.૧૨૦૦૦/-(અંકે રૂ.બાર હજાર પૂરા) મળ્યા હતા. જેના દ્વારા હું આજ મારા ઘર વપરાશનો સામાન તથા મારા પિતાને તેઓએ લીધેલ આર્થિક સહાયમાં મદદરૂપ થઈ શકી તે બદલ હું સરકારશ્રીનો દિલથી આભાર માનું છું.

# કલેક્ટરસુશ્રી ભાર્ગવી દવેના અધ્યક્ષસ્થાને તાપી જિલ્લા સંકલન સમિતીની બેઠક યોજાઇ



### જિલ્લાની વિવિધ બાબતોનું અધ્યયન કરી જે જિલ્લામાં છો તે જિલ્લાને કઇ રીતે આગળ લઇ જઇ શકાય તેની દિઘર્દ્રષ્ટિ કેળવવા અનુરોધ કરતા કલેક્ટરસુશ્રી ભાર્ગવી દવે

કમલમ્ ન્યુઝ,રાકેશ વાળા

તાપી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરસુશ્રી ભાર્ગવી દવેના અધ્યક્ષ સ્થાને તથા ઈન્ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર. જે. વલવી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરજ વસાવા સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં જિલ્લા સેવાસદનના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકમાં અધ્યક્ષસ્થાનથી જિલ્લા કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોને માર્ગદર્શક સુચનાઓ આપી હતી. ડી.જીવી.સી.એલ વિભાગના પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા, શ્રમ વિભાગમાં ઈ-શ્રમ કાર્ડ માટે વધુ લોકો જાગૃત બને અને વધુમાં વધુ નોંધણી થાય તેવું માઈક્રો પ્લાનિંગ હાથ ધરવા, તથા આવનાર સમયમાં હિટવેવની સંભાવનાઓના પગલે આગોતરા આયોજન માટે લોક જાગૃતિ કેળવવા સંબંધિત વિભાગોને કેટલાક રચનાત્મક માર્ગદર્શનો આપ્યા હતા. આ ઉપરાંત બેઠકમાં "પ્રસાશન ગાંવ કી ઓર" અભિયાન, શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચ અંગે જાગૃત કરવા, ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે ઝુંબેશ ચલાવવા વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે તાપી હોલી ફેસ્ટીવલ-પલાસ પર્વની રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાતા સમગ્ર તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. તથા આ પ્રમાણે આવનાર સમયમાં પગરખા કલબ, ગ્રીસ્મ મહોત્સવ, કલીનસોસાયટી કોમ્પીટીશન, મોન્સુન ફેસ્ટીવલ, સહિત વિવિધ ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિતે આયોજનમા લેવાનાર વિવિધ કાર્યક્રમો અંગે વિચારો રજુ કરી વિભાગો પાસેથી ક્રિએટીવ સુચનો રજુ કરવા જણાવ્યું હતું. આ સાથે કલેક્ટરશ્રીએ અધિકારીઓને જે જિલ્લામાં છો, તે જિલ્લાને કઈ રીતે આગળ લઈ જઈ શકાય, જિલ્લાની વિવિધ બાબતોનુ અધ્યયન કરી તેને ઉજાગર કરવા ક્રિએટીવ રીતે વિચારો કેળવવા આવી દિઘર્દ્રષ્ટિ દ્વારા આપની કારકિર્દીમાં ઉપયોગી બનશે અમે માર્ગદર્શન આપ્યુ હતું. બેઠકમાં સહાયક માહિતી નિયામકશ્રી નિનેશ ભાભોરે જિલ્લા માહિતી કચેરીની કામગીરી અંગે પ્રેઝનટેશન રજુ કર્યુ હતું. જેમાં જિલ્લા અને રાજ્યના માહિતી વિભાગ અંતર્ગત થતી કામગીરી, વિવિધ શાખાઓ, સી.એમ. ડેશબોર્ડ, પોઝિટીવ-નેગેટીવ ન્યુઝ, સોશિયલ મિડિયા અકાઉન્ટ, ખાસલેખ, સાફલ્ય ગાથાઓ, પ્રકાશનો અંગે વિગતવાર માહિતી આપી જિલ્લાની સકારાત્મક બાબતોનો વધુ પ્રચાર-પ્રસાર કરવા તમામ વિભાગોના સંકલન અને સાથ-સહકારની આશા વ્યક્ત કરી હતી. જેના માટે જિલ્લા કલેક્ટરશ્રીએ તાપી જિલ્લા માહિતી વિભાગની કામગીરીની સરાહના કરી વિવિધ વિભાગોને પોતાના વિભાગના સોશિયલ મિડિયા અકાઉન્ટ બનાવવા તથા સકારાત્મક બાબતોનો પ્રચાર પ્રસાર કરવા માહિતી વિભાગ સાથે સંકલનમા રહેવા સુચના આપી હતી. આ સાથે અગાઉની બેઠકમાં નોંધવામાં આવેલ મુદ્દાઓ તથા નાગરિક અધિકાર પત્રો, ખાતાકીય તપાસના કેસો, તકેદારી આયોગ તરફથી મળેલી અરજીઓ, સરકારી નાણાની વસુલાત, એ.જી. ઓડીટ બાકી પેરાની માહિતી, કચેરીમાં આવતા પડતર કાગળોની સ્થિતી, પેન્શન કેસો અંગે વિસ્તૃત સમિક્ષા કરી તેના ઉપર થયેલ કામગીરી ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકનું સંચાલન ઈંચા. ડી. ડી.ઓ તથા નિવાસી અધિક કલેકટર શ્રી આર.જે.વલવીએ કર્યુ હતું. બેઠકમાં નાયબ વન સંરક્ષક પુનિત નૈયર, ડી.સી.-૧ તૃપ્તિ પટેલ, કાર્યપાલ ઈજનેરશ્રી (મા.મ) મનિષ પટેલ, સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક



કમલમ્ ન્યુઝ,સમીર શાહ.

તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર સુશ્રી ભાર્ગવી દવેના અધ્યક્ષ સ્થાને તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક તાપી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરજભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને, ઈન્ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર. જે.વલવી સહિત ઉચ્ચ અધિકારી-પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં ગ્રામ્ય કક્ષાએ તથા તાલુકા કક્ષાએ તકેદારી સમિતિની સમયસર રચના કરવા તેમજ દરેક સ્તર પરની તકેદારી સમિતિની નિયમિત બેઠક બોલાવવા બાબત, વ્યાજબી ભાવોની દુકાન પર આધાર આધારિત વિતરણ વ્યવસ્થા અંગેની સમીક્ષા,જરૂરી જગ્યાએ રેશનિંગ દુકાનોના સ્થળમાં ફેરફાર કરવા અંગે, FPS દ્વારા ૧૦૦% આધાર વેરિફાઈડ અનાજનું વિતરણ કરવા અંગે, સાયલંટ રેશનકાર્ડ,NFSA યોજના અનવ્યે લાભાર્થીઓના આધાર વેરીફિકેશનની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. જેમા તાપી જિલ્લાના તમામ રેસનકાર્ડધારકોના નંબર સાથે આધારકાર્ડ લિંક કરવાની કામગીરી ૯૯.૭૦ ટકા પુર્ણ થઈ ગઈ છે. તેમજ જે રેશનકાર્ડધારકો પાસે આધાર કાર્ડ નથી તેવા લાભાર્થીઓને અનાજના જથ્થાથી વંચિત ન રહી જાય તે માટે સરકાર દ્વારા નક્કી કરેલા અન્ય ૧૩ પુરાવાઓ રજુ કરીને આનાજ મેળવી શકાશે તેમ જણાવ્યું હતું. વન નેશન વન કાર્ડના લાભાર્થીઓમાં થતા વધારા અંગે વિગતવાર ચર્ચાઓ કરી જરૂરી રચનાત્મક સૂચનો કર્યા હતા. તથા માહે.ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન તાલુકાવાર અનાજ વિતરણ કરવામાં આવેલા જથ્થાની સમિક્ષા,આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ યોગ્ય રીતે અધિકૃત કાર્ડધારકોને થાય તે બાબતે સમિક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ કલેક્ટર-૧ તૃપ્તી પટેલ, વ્યારા નગર પાલિકા પ્રમુખશ્રી સેજલબેન રાણા, વ્યારા તાલુકા પંચાયત પ્રમુખશ્રી જસુબેન ગામીત સહિત ઉચ્ચ અધિકારી-પદાધિકારીશ્રીઓ સહિત જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટે ઓફ મેનેજમેન્ટના જીરૂમ્મ્છના વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન અને સમજ માટે ૧૭-૦૩-૨૦૨૩ના રોજ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેમને ચોકલેટ બનાવતી Mr Candy, PVC પાઈપ બનાવતી VIVON POLYMERS PVT. LTD. અને એલ્યૂમીનિયમ Frame બનાવતી અને કલર કોટિંગ કરતી Regal Aluminum કંપનીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત કોલેજના પ્રિન્સિપાલ ડો. મુકેશ ગોયાણી અને BBA કો-ઓર્ડીનેટર ડો.સ્વાતિ મેહતાના માર્ગદર્શન હેઠળ પ્રો. રાકેશ પટેલ અને ડો. તન્વી ભાલાળા એ સફળ આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે આ મુલાકાતમાં ડો.સ્વાતિ મેહતા, ડો. તન્વી ભાલાળા, પ્રો.શોએબ જીંદાણી અને પ્રો. રાકેશ પટેલ પણ જોડાયા હતા.

# જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ખાતે પીડિયાટ્રીક ડાયાલિસિસ બેડની સુવિધાનો ઉમેરો થયો

### રાજસ્થાનના સાગવાડાની ૬ વર્ષિય દિકરી ખુશીના પિતા ખુશ છે કે તેમણે હિંમતનગર ખાતે આ ડાયાલીસીસ ની સુવિધા મળી રહી છે



કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા જિલ્લાની મેડિકલ કોલેજ જિલ્લાની સાથે સાથે આસપાસના વિસ્તારના લોકો તેમજ અન્ય રાજ્યના લોકો માટે પણ આશીર્વાદરૂપ બની રહી છે.રાજસ્થાનની ૬ વર્ષિય ખુશી પંકજભાઈ ડોડિયારને અમદાવાદ હોસ્પિટલ થી હિંમતનગર ખાતે ડાયાલીસીસ માટે રિફર કરવામાં આવી. ખુશીના પિતા પંકજભાઈ ડોડિયાર જણાવે છે કે, તેમની બાળકીને બંને કિડની ફેઈલ હોવાથી ડાયલીસીસ માટે અમદાવાદ હોસ્પિટલ ખાતે સારવાર કરાવી રહ્યા હતા. રાજસ્થાન સાગવાડા થી અમદાવાદનું અંતર ખુબ હોવાથી અને તેમની પરિસ્થિતિ સામાન્ય છે. તેથી બાળકીના હિતમાં અમદાવાદ હોસ્પિટલના ડો.કિન્નરીબેન (પીડીયાટ્રીક નોરફોલોજિસ્ટ) હિંમતનગર જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ ખાતે રીફર કર્યા છે. અહીં અમને ખૂબ જ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ખુશીને અઠવાડિયામાં ત્રણ વાર આ ડાયાલિસિસ ની જરૂરિયાત છે જેથી તેઓ અહીં હિંમતનગર ખાતે ડાયાલીસીસ કરાવવા આવી રહ્યા છે અહીંનો સ્ટાફ, ડોક્ટરો ખૂબ જ માનવતા ભરી સંવેદના સાથે દીકરીને ડાયાલીસીસની સેવા આપે છે પંકજભાઈ ડોડીયારે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આરોગ્ય સુવિધાઓ ખૂબ જ સારી મળી રહી છે. અહિં તેમને કોઈ પણ જાતના ભેદભાવ વિના સેવાઓ મળી રહી છે. તેથી તેઓ હિંમતનગર મેડિકલ કોલેજના સ્ટાફ અને ડોકટરો તેમજ ગુજરાત સરકારના ખુબ ખુબ આભારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે ૨૦૦૩ થી અને જી.એમ.ઈ. આર. એસ મેડિકલ કોલેજ ખાતે ડાયાલીસીસ સેન્ટર કાર્યરત હતું. જેમાં થોડા દિવસ અગાઉ જ વધુ સુવિધા માટે પીડિયાટ્રીક ડાયાલીસીસ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હાલમાં ત્રણ બાળકો આ ડાયાલીસીસ બેડનો લાભ લઈ રહ્યા છે. જેમાં રાજસ્થાનથી આવેલી છ વર્ષીય ખુશી ડોડીયારનો સમાવેશ થઈ રહ્યો છે.






# સિવિલ હોસ્પિટલ-ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે દર્દીઓના સગાઓ માટે 'નિ:શુલ્ક આહાર કેન્દ્ર'નો શુભારંભ કરાયો

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદશ્રી અમિતભાઈ શાહના હસ્તે આજે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે દર્દીઓના સગા-સબંધીઓને કેમ્પસમાં જ ગુણવતાયુક્ત ભોજન મળી રહે તેવા ઉમદા હેતુથી 'નિ:શુલ્ક આહાર કેન્દ્ર'નો શુભારંભ કરાવામાં આવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીશ્રી શાહે ભોજનશાળાની રૂબરૂ મુલાકાત કરી તેમાં તૈયાર કરવામાં આવતા ભોજન સહિતની વિવિધ સુવિધાઓનું તલસ્પર્શી નિરીક્ષણ કરીને દર્દીઓના સગાઓ સાથે સંવાદ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી તુલસી વલ્લભ નિધિ દ્વારા શરૂ કરાયેલા આ નિ:શુલ્ક ભોજન કેન્દ્રમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા-સબંધીઓને સપ્તાહ દરમિયાન બે ટાઈમ અનલિમિટેડ પૌષ્ટિક ભોજન મળી રહેશે. આ આહાર કેન્દ્રમાં સવારે એટલે કે ૧૧થી બપોરે ૧ કલાક દરમિયાન સ્વાદિષ્ટ ભોજનમાં રોટલી, શાક અને દાળ-ભાત તેમજ સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન કઢી અને ખીચડી પીરસવામાં આવશે. નિ:શુલ્ક આહાર કેન્દ્ર લોકાર્પણ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ,ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ, સિવિલ હોસ્પિટલના તબીબો-કર્મચારીઓ સહીત દર્દીઓના સગાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ૭૧મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી

## પ્રધાનમંત્રી મોદીએ દેશના યુવાનોને અપાર તકો પૂરી પાડી છે અને કૌશલ્ય વિકાસ દ્વારા કૌશલ્ય, અપસ્કિલિંગ અને રિસ્કિલિંગની ત્રણ યોજનાઓ દ્વારા બાળકોમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા અને વધારવાનું કામ કર્યું છે.

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ૭૧મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. શ્રી અમિત શાહે તેમના સંબોધનમાં કહ્યું કે આ મહારાજા સયાજીરાવની ભૂમિ છે અને તે સંસ્કાર નગરી તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે જ્યારે આખો દેશ ગુલામીનો અનુભવ કરી રહ્યો હતો ત્યારે પણ મહારાજા સયાજીરાવે સમગ્ર બરોડા રાજ્યને ગુલામીનો અનુભવ થવા દીધો ન હતો. તેમણે કહ્યું કે મહારાજાએ શ્રી અરવિંદોને આ ભૂમિ પર આશ્રય આપ્યો હતો, અહીંથી જ બાબા સાહેબ આંબેડકરને આગળ ભણવાની તક મળી, અહીંથી જ વિનોબા ભાવે, કેએમ મુનશી, હંસા મહેતા અને દાદાસાહેબ ફાળકેએ શિક્ષણ લીધું અને ભારતને આગળ વધવામાં મદદ કરી. આગળ. એક વિશાળ યોગદાન આપ્યું. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે મૃત્યુ પછી પણ એવા લોકોને જ યાદ કરવામાં આવે છે જેઓ સમાજ, દેશ અને દુનિયા માટે કામ કરે છે. તેમણે કહ્યું કે આ દિવસે નેતાજી સુભાષચંદ્ર બોઝે બર્મામાં પ્રવેશ કર્યો હતો અને કહ્યું હતું કે હું સ્વતંત્ર ભારતમાં પગ મુકી રહ્યો છું. શ્રી શાહે જણાવ્યું હતુ કે નેતાજી જેવી વ્યક્તિએ તેમના જીવનમાં ઘણું દુ:ખ સહન કરીને ઘણા પ્રયત્નો કર્યા હતા. તેમણે કહ્યું કે આજે પણ વિશ્વ નેતાજીનું સન્માન કરે છે અને યાદ કરે છે કારણ કે તેઓ હંમેશા બીજા માટે કામ કરતા હતા. શ્રી અમિત શાહે કહ્યું કે આજે ૬૭૧૩ છોકરાઓ અને ૮૦૪૮ ગર્લ સ્ટુડન્ટ્સ પોતાનું વિદ્યાર્થી જીવન સમાપ્ત કરીને આગળની સફર પર નીકળી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, અહીંથી મળેલ શિક્ષણના આધારે તમારે સમાજને સુધારવાનો અને તેને આગળ લઈ જવાનો પ્રયાસ કરવાનો છે. તેમણે કહ્યું કે મહારાજા રણજીત સિંહ ગાયકવાડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનનું પણ આજે અહીં ઈ-ઉદઘાટન થયું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે મહારાજા સયાજીરાવે તેમના સમગ્ર સમયગાળા દરમિયાન આ પ્રકારનું શાસન સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો, જે આજે પણ જાણીતો છે. તેમણે કહ્યું કે મહારાજા સયાજીરાવના શાસન દરમિયાન એવું કોઈ ગામ નહોતું જ્યાં પુસ્તકાલય ન હોય, એવી કોઈ બાળકી ન હોય જે ભણેલી ન હોય. શ્રી શાહે કહ્યું કે મહારાજાએ તેમના શાસન દરમિયાન શિક્ષણનો ફેલાવો, ન્યાયની સ્થાપના, દલિત લોકોના ઉત્થાન, સિંચાઈ, કૃષિ અને સામાજિક સુધારા જેવા અનેક વિષયો પર ઘણું કામ કર્યું હતું. તેમણે કહ્યું કે બાબાસાહેબ આંબેડકરે મહિલા શિક્ષણને પ્રોત્સાહિત કર્યું, તે સમયે પરદા પ્રથા નાબૂદ કરી, બાળ લગ્ન પર પ્રતિબંધ મૂક્યો, છૂટાછેડા માટે સ્વતંત્ર કાયદો બનાવ્યો અને રોજગાર સર્જન માટે શિક્ષણના પરિમાણોને બદલવા માટે પણ કામ કર્યું. શ્રી અમિત શાહે ડીગ્રી લેનાર વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે નવી શિક્ષણ નીતિને સમજવાનો પ્રયાસ કરશો તો શિક્ષણના ઉપયોગ અંગેના તમારા ખ્યાલો સ્પષ્ટ થશે. તેમણે કહ્યું કે આ નવી શિક્ષણ નીતિમાં સયાજીરાવનો સુલભ શિક્ષણનો વિચાર, સરદાર પટેલનો સશક્તિકરણનો વિચાર, આંબેડકરનો જ્ઞાન શિક્ષણનો વિચાર, શ્રી અરબિંદોનો સાંસ્કૃતિક અને રાષ્ટ્રવાદી શિક્ષણનો વિચાર અને ગાંધીજીનો આગ્રહનો વિચાર સામેલ છે. માતૃભાષાનો પણ આમાં સમાવેશ થાય છે. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે જીવનમાં ક્યારેય માતૃભાષા ન છોડવી જોઈએ અને આ હીનતા સંકુલમાંથી બહાર આવવું જોઈએ જે ભાષા સ્વીકૃતિ આપે છે. તેમણે કહ્યું કે કોઈપણ વ્યક્તિ પોતાની ભાષામાં સારી રીતે વિચારી શકે છે, સારી ક્ષમતા સાથે સંશોધન કરી શકે છે અને તેનું વિશ્લેષણ અને નિર્ણય લેવાની ક્ષમતા પણ વધે છે. તેમણે કહ્યું કે વ્યક્તિત્વ નિર્માણનું પોતાની ભાષાથી મોટું કોઈ માધ્યમ હોઈ શકે નહીં. તેમણે કહ્યું કે સૌથી જૂની ભાષાઓ આપણા દેશની છે, શ્રેષ્ઠ વ્યાકરણ, સાહિત્ય, કવિતાઓ અને ઈતિહાસ આપણી જ ભાષાઓમાં છે. શ્રી શાહે કહ્યું કે જ્યાં સુધી આપણે આપણી ભાષાઓનો પ્રચાર નહીં કરીએ ત્યાં સુધી આપણે દેશનું ભવિષ્ય સુધારી નહીં શકીએ. તેમણે કહ્યું કે નવી શિક્ષણ નીતિમાં ભાષાનું મહત્વ જળવાઈ રહે તે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ફરજિયાત કરવાની જોગવાઈ કરી છે. તેમણે કહ્યું કે મોદીજીએ નવી શિક્ષણ નીતિમાં શિક્ષણને સ્ટ્રીમલેસ અને ક્લાસલેસ બનાવ્યું છે. તમે બનાવવાનું કામ કર્યું છે અને જ્યારે આવું થાય છે, ત્યારે તમે જ્ઞાનની દુનિયામાં મુક્તપણે વિચાર કરી શકો છો. શ્રી શાહે જણાવ્યું હતું કે, શિક્ષણનો ઉદ્દેશ્ય અંગત જીવનમાં ડિગ્રી, સારી નોકરી કે સુખ-સુવિધા મેળવવાનો નથી, પરંતુ સંપૂર્ણ માનવી બનવાનો છે અને આ સ્ટ્રીમલેસ અને ક્લાસલેસ એજ્યુકેશન દ્વારા જ શક્ય છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે દેશની આઝાદીના ૭૫ વર્ષની આ યાત્રા ઉજ્જવળ સિદ્ધિઓની યાત્રા છે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી માટે ત્રણ ઉદ્દેશો આપણી સમક્ષ રાખ્યા હતા. સૌપ્રથમ તો દેશના યુવાનોને સ્વતંત્રતા સંગ્રામ અને આઝાદી પહેલાના ઈતિહાસથી વાકેફ કરવા જોઈએ. બીજું, ૭૫ વર્ષની સિદ્ધિઓ પર ગર્વ અનુભવવો. ત્રીજું, ૭૫ થી ૧૦૦ વર્ષની યાત્રાને સંકલ્પની યાત્રા બનાવીને, ભારતને વિશ્વના દરેક ક્ષેત્રમાં પ્રથમ બનાવવાનો સંકલ્પ લો. તેમણે કહ્યું કે મોદીજીએ ૭૫ થી ૧૦૦ વર્ષના સમયગાળાને અમૃત કાલ કહ્યોછે અને તેને સંકલ્પ દ્વારા સિદ્ધિનો સમયગાળો પણ ગણાવ્યો છે. તેમણે કહ્યું કે જ્યારે ૧૩૦ કરોડ લોકો એક ડગલું આગળ વધે છે ત્યારે દેશ ૧૩૦ કરોડ ડગલાં આગળ વધે છે. તેમણે કહ્યું કે ભારતને વિશ્વમાં દરેક ક્ષેત્રમાં મહાન બનાવવાની જવાબદારી અને સૌ પ્રથમ દેશના યુવાનોની છે. શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ દેશના યુવાનો માટે અપાર તકો પૂરી પાડી છે. તેમણે કહ્યું કે ૨૦૧૬માં દેશમાં ૭૨૪ સ્ટાર્ટ-અપ હતા, જે ૨૦૨૨ સુધીમાં ભારતમાં વધીને ૭૦,૦૦૦થી વધુ સ્ટાર્ટ-અપ થઈ જશે. વધુમાં, ૧૦૭ સ્ટાર્ટ-અપ્સ યુનિકોર્ન ક્લબમાંછે, જે ૨૦૧૬માં માત્ર ૪ હતા. તેમણે કહ્યું કે દેશના કુલ સ્ટાર્ટ-અપ્સમાંથી ૪૫ ટકા મહિલાઓ અને છોકરીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને ૪૫ ટકા સ્ટાર્ટ-અપ્સ ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં છે. શ્રી શાહે જણાવ્યું હતું કે મોદીજીએ ૨૫ ક્ષેત્રોની ઓળખ કરીને મેક ઈન ઈન્ડિયા યોજના શરૂ કરી હતી અને તેમાં ઘણા નવા ક્ષેત્રો ખોલવામાં આવ્યા હતા અને પરિણામે ભારતની વેપારી નિકાસ ઈં૪૦૦ બિલિયનને વટાવી ગઈ છે અને PLI સ્કીમ રૂ. ૪ લાખ કરોડનું રોકાણ આવ્યું છે. . શ્રી શાહે જણાવ્યું હતું કે, કૌશલ્ય વિકાસ દ્વારા, મોદી સરકારે કૌશલ્ય, અપસ્કિલિંગ અને રિસ્કિલિંગની ત્રણેય યોજનાઓ દ્વારા બાળકોમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવાનું અને સંશોધિત કરવાનું કામ કર્યું છે. મોદીજીએ યુવાનોની ક્ષમતા નિર્માણ માટે ઘણા ક્ષેત્રો ખોલ્યા છે. શ્રી શાહે કહ્યું કે, દેશની આઝાદીની શતાબ્દીના અવસરે ભારત દરેક ક્ષેત્રમાં ચોક્કસપણે વિશ્વમાં પ્રથમ સ્થાને રહેશે.

# તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા ગોરૈયા ખાતે આશા સંમેલન યોજાયું

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર આશા બહેનોને ઇનામ આપી સન્માનિત કરાયા : આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું




કમલમ્ ન્યુઝ,વિરમગામ

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોરૈયા ખાતે આશા સંમેલન યોજાયુ હતુ. આશા સંમેલનમાં નિષ્ણાંત તબીબો દ્વારા આશા બહેનોને જરૂરી આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. વિરમગામ તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સેવા વિસ્તારના ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા આશા બહેનો અને આશા ફેસીલીટેટર બહેનોને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમારના વરદહસ્તે ઈનામ આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર, ડો. ગીતાંજલી બોહરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, મેડીકલ ઓફિસરો, આરબીએસકે મેડીકલ ઓફિસરો સહિત મોટી સંખ્યામાં આશા બહેનો, આશા ફેસીલીટેટર બહેનો ઉપસ્થીત રહ્યા હતા. અધીકારીઓ દ્વારા આશા બહેનોની કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી અને આશા બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

૧૦૮ ટીમ દ્વારા મોબાઈલ એપ્લિકેશન વિશે માહિતી આપવામાં આવી અને ૧૦૮ એમ્બ્યુલન્સની મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત આશા બહેનોને સોશિયલબિહેવિયર ચેન્જ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, આશા એ સમુદાયે પસંદ કરેલી એક એવી મહિલા છે જેને તેના ગામમાં રહીને જ સમુદાયને આરોગ્ય સંભાળ પ્રાપ્ત કરવા અને સ્વાસ્થ્યપ્રદ આદતો કેળવવા અને તેમ કરીને સમુદાયના આરોગ્યની સ્થિતિમાં સુધારો કરવાની કામગીરી કરવા માટે તાલીમ અને સહાય પુરી પાડવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧ હજારની વસ્તી દીઠ ૧ આશા હોય છે. આશા ફેસિલીટેટરને આશાના શિક્ષક, માર્ગદર્શક અને સલાહકાર તરીકેની અપેક્ષા સેવવામાં આવે છે. આશા ફેસિલીટેટર આશાને સહકાર આપે, દેખરેખ રાખે, તેની ક્ષામતાનો વિકાસ કરે અને તેમને સોપવામાં આવેલ વિસ્તારમાં આશા બહેનોની પ્રગતીનું નિયંત્રણ રાખે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

# અંકલેશ્વર ના હજાત ગામના .૨૪ વર્ષીય સ્વર્ગીય શૈશવ પટેલ ના અંગદાન થી સાત વ્યક્તિ ને જીવનદાન મળ્યું



કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર તાલુકાના હજાત ગામના.૨૪ વર્ષી શૈશવ પટેલ ના બુલેટ ને ૧૩ માર્ચના રોજ તરિયા બસ સ્ટેન્ડ નજીક નડેલા અકસ્માતમાં ટૂંકી સારવાર બાદ સુરત ખાતે શૈશવ નું મોત નીપજ્યું હતું. પરિવાર ની સહમતી થી અંગદાન કર્યા બાદ પાર્થિવ દેહ ગામ ખાતે આવતા પુષ્પ વર્ષા સાથે શૈશવ અમર રહો ના નારા લાગ્યા હતા. હૃદય હાંસોટ ના આસરમાં ગામના ૨૨ વર્ષીય યુવાન માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું જયારે અમદાવાદ માં ૬ વ્યક્તિ ને ફેફસા, લીવર, કિડની અને ચક્ષુ ના ડોનેટે નવજીવન આપ્યું હતું હૃદય સુરતની મહાવીર હોસ્પિટલ, ફેફસા, લીવર અને કિડની સમયસર અમદાવાદના હ્ર.હૃ હોસ્પિટલ અને ઝાયડસ હોસ્પિટલ પહોંચાડવા માટે સુરત શહેર પોલીસ દ્વારા ત્રણ ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યા હતા. અંકલેશ્વર ના હજાત ગામ ખાતે રહેતા મીકેનીકલ એન્જીનીયર અને કોળી પટેલ સમાજ ના ૨૪ વર્ષીય શૈશવ ગીરીશભાઈ પટેલ ખેતીવાડી કરતા હતા. ગત ૧૩ માર્ચના રોજ રાત્રે પોતાની બુલેટ પર તરીયા બસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યો હતો દરમ્યાન તેનું બુલેટ સ્લીપ થઈ જતાં, તે બુલેટ પરથી નીચે પડી ગયો હતો અને માથામાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા . પરિવારજનોએ તેને તાત્કાલિક અંકલેશ્વર ની જયાબેન મોદી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.દરમ્યાન વધુ સારવાર માટે સુરત ની એઈમ્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ. હિતેશ ચિત્રોડા ની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી. મગજમાં સોજો વધુ હોવાથી ડોકટર દ્વારા ઓપરેશન માટે સલાહ આપવામાં આવી હતી પરંતુ ઓપરેશન પહેલા જ સારવાર દરમિયાન ૧૫ માર્ચના રોજ રાત્રે શૈશવનું હૃદય બંધ થઈ જતા હૃદયને પાછું ધબકતું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેની તબિયત બગડતા તા. ૧૭ મીના રોજ શૈશવ ને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. જે બાદ પરિવારજનો અને શૈશવની નાની બહેન નિધિ પટેલે ડોનેટ લાઈફ ના સ્થાપક અને પ્રમુખ નિલેશ માંડલેવાલા નો ટેલીફોનીક સંપર્ક કરી શૈશવ ના બ્રેઈનડેડ અંગેની જાણકારી આપી ઓર્ગન ડોનેશન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ડોનેટ લાઈફ ની ટીમ હોસ્પિટલ પહોંચી શૈશવના પિતા ગીરીશ પટેલ , માતા મનીષાબેન, બહેન નિધી, તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનની સમગ્ર પ્રક્રિયા સમજાવતા જણાવ્યું કે શૈશવ ક્લિનિકલી બ્રેઈનડેડ છે પરંતુ બ્રેઈનડેડ જાહેર કરવા માટે હોસ્પિટલની બ્રેઈન સ્ટેમ ડેથ ડીકલેરેશન કમિટી દ્વારા એપ્રિયા ટેસ્ટ કરી જે તે દર્દીને બ્રેઈનડેડ જાહેર કરેલો હોવો જોઈએ પરંતુ શૈશવના ઈલેક્ટ્રોલાઈટ્સ નોર્મલ ન હોવાને કારણે એપ્રિયા ટેસ્ટ થઈ શકતો નથી. ઈલેક્ટ્રોલાઈટ્સ નોર્મલ થાય ત્યારબાદ તેના બંને એપ્રિયા ટેસ્ટ પોઝિટિવ આવે ત્યાર પછી જ અંગ દાન થઈ શકે છે. ત્યારે શૈશવના માતૃશ્રી મનીષાબેન પોતાના હૃદય પર પથ્થર મુકીને રડતા રડતા જણાવ્યું કે મારો દિકરો કલીનીકલ બ્રેઈનડેડ છે ત્યારે તેના બધા જ રિપોર્ટ નોર્મલ થયા પછી, બ્રેઈનડેડ જાહેર કરવા માટેના જે જરૂરી ટેસ્ટ હોઈ તે ટેસ્ટ કરાવી જેટલા પણ અંગોનું દાન થઈ શકતું હોય તે બધા જ અંગોનું દાન કરી શરીર રાખ જ થઈ જવાનું છે ત્યારે તેના અંગદાનથી કોઈકના લાડકવાયાને નવું જીવન મળશે. શૈશવના ઈલેક્ટ્રોલાઈટ્સ નોર્મલ થયા પછી તેના બંને એપ્રિયા ટેસ્ટ પોઝિટિવ આવતા અંગદાન માટેની સંમતિ આપવામાં આવી હતી.પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા SOTTO સંસ્થા નો સંપર્ક કરવામાં આવ્યો. SOTTO સંસ્થા દ્વારા હૃદય સુરતની મહાવીર હોસ્પિટલ અને, ફેફસાં અમદાવાદ K.D હોસ્પિટલને, લીવર ઝાયડસ હોસ્પિટલ અને બંને કિડનીઓ અમદાવાદની હોસ્પિટલમાં ફાળવવામાં આવી હતી. એઈમ્સ હોસ્પિટલ થી મહાવીર હોસ્પિટલમાં ૧૩ કિલોમીટરનું અંતર ૧૫ મિનિટમાં કાપીને ડોનેટ કરેલ હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ મુળ હાંસોટ ના આસરમા ગામ ના રહેવાસી . ૨૨ વર્ષીય યુવકનું મહાવીર હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું .હૃદય સુરતની મહાવીર હોસ્પિટલ, ફેફસા, લીવર અને કિડની સમયસર અમદાવાદ પહોચાડવા માટે સુરત શહેર પોલીસ દ્વારા ત્રણ ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે હૃદય, ફેફસા, હાથ, લિવર અને કિડની જેવા મહત્વના અંગો દેશના જુદા- જુદા શહેરોમાં સમયસર પહોંચાડવા માટે સુરત શહેર પોલીસ દ્વારા અત્યાર સુધી ૯૩ ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યા છે. બાદ શૈશવ પટેલ ના પાર્થિવ દેહ ને સુરત ખાતેથી હજાત ગામ ખાતે લાવવામાં આવતા હજાત ગામના સમસ્ત ગ્રામજનો આસપાસ ના ગ્રામજનો તેમજ સગાસંબંધીઓ અને તેના મિત્રો એ પાર્થિવદેહ ઉપર ફૂલો ની વર્ષા કરી હતી અને શૈશવ અમર રહો ના નારા લગાવ્યા હતા ત્યારે હજાત ગામ ના શૈશવ પટેલ એ સ્વર્ગીય નહિ પણ ચિરંજીવી થઈ ગયો છે. એના અંગો ના દાન વડે ૯ વ્યક્તિ ને જીવતદાન મળ્યું છે. તેના આ મહાદાન થકી સમાજને નવી દિશા મળી છે .અને લોકો અંગદાન કરે એ ખૂબ જરૂરી છે.

